સર્ગ ૧

સદાનો દિવસ : ચૈત્ય પુરુષની પસંદગી અને પરમ પ્રાપ્તિ

યમ પલાયન કરી પોતાના આદિ અંધકારમાં અલોપ થઈ ગયો. હવે રહ્યાં કેવળ સાવિત્રી અને સત્યવાન, પણ બન્નેની વચ્ચે હજુ એક અર્ધ-પારદર્શક પડદો ઊભો હતો.

ઊર્ધ્વમાં મહામુદાનાં આકાશો હતાં અને ત્યાંથી એક આશ્ચર્યકારી સૂર્ય નીચે પ્રકાશ પાથરતો હતો. સાવિત્રીની આસપાસ હતાં અમર આનંદનાં પૂર્ણતાપૂર્ણ ભુવનો ને પ્રભુનો સદાસ્થાયી દિવસ. પરબ્રહ્મના પ્રમોદ સાથ સનાતન જ્યોતિ સારી પ્રકૃતિ પર રેલાઈ આવતી હતી.

સાવિત્રી સનાતનના સ્પર્શથી સકંપ બની ગઈ, એનો આત્મા અનન્તતાના ઉત્સો સમીપ ઊભો હતો, એના નિત્યનવીન અંતવંત અગ્રભાગોમાં આવાસ કરતો હતો. કાળ સાથે ક્રીડા કરતા જીવો માટે શાશ્વતતાએ પોતાની પારાવાર શક્તિ ને સુખમયતા ઢોળ્યાં હતાં. અજ્ઞાત અગાધોમાંથી તાજી જન્મેલી ભવ્યતાઓ પ્રાદુર્ભાવ પામતી હતી ને અગોચર શૃંગો પરથી છલંગ મારીને શક્તિઓ પ્રકટ થતી હતી. અમર પ્રેમ ભાવાવેશભરી ધબકો ધારતો હતો. મ્લાનિમુક્ત માધુર્યનાં દૃશ્યો દર્શન દેતાં હતાં. આશ્ચર્યમય અસીમતાઓમાંથી મેઘમુક્ત ગગનો નીલમના અગાધમાં સરકી આવતાં હતાં. અંજાઈ ગયા વગર આંખો ત્યાં સૂર્યની પ્રભાઓને સુખપૂર્વક સહેતી અને રૂપોની અમર સુસ્પષ્ટ સૃષ્ટિને નિહાળતી હતી. ધુમ્મસોને ત્યાંથી હમેશને માટે દેશવટો મળ્યો હતો. રાત્રિ ત્યાં અશક્ય હતી. ત્યાં હતું સર્જન-હાર આનન્દનું સુસ્થિર સૌન્દર્ય—અધ્યાત્મભાવની અસીમતાથી ભરપૂર, દિવ્ય શાન્તિને મધુર વિચારો પ્રસન્ન કરતા હતા. વિશ્વશક્તિ કાળના પ્રદેશમાં આગેકૂચ કરતી હતી. આત્માની અપારતાઓ ચક્રાવર્તિત ક્રમમાં સુન્દર સ્વરસંવાદિતા સાથે ત્યાં ચાલી રહી હતી. સર્વે વસ્તુઓમાં ત્યાં આત્મા જ સ્વરૂપધારી બન્યો હતો. કાળની અટપટી વિવિધતાઓમાં શાશ્વતતા જ સર્વ કાંઈની સામગ્રી તેમ જ સર્વનું મૂળ હતી.

ત્રિવિધ સ્વર્લોકની નીચે સાત અમર પૃથ્વીઓ એમના ઉદાત્ત સ્વરૂપે દેખાઈ. મૃત્યુ ને નિદ્રામાંથી મુક્ત ધન્યાત્માઓ ત્યાં રહેતા હતા. વિનષ્ટાત્મ લોકોમાંથી આવતાં દુ:ખ કે શોક ત્યાં કદીય સંભવી શકતાં ન 'તાં. ત્યાં હતી સ્વર્ગીય સ્વભાવની અવિકારી શાન્તિ ને પરમાન્દની અદા. પ્રભુની નિદ્રાસમાધિના વિસ્તાર જેવાં

ત્યાં હતાં મેદાનો. સ્વર્ગીય આરામ પ્રત્યે વિચારો ત્યાં ઊડીને જતા ને નીલમનીલ અમૃતત્વમાં લીન થઈ જતા. પાર્થિવ સ્વભાવ ત્યાં શાન્તિના શ્વાસોચ્છ્વાસનું સંવેદન કરતો. ત્યાંની હવા હતી મહાસુખથી તરબતર અને બની ગઈ હતી આત્માના અવિજ્ઞાત આરામ માટેની સુખશય્યા. સંપૂર્ણ સંમુદામાં સઘળા સ્વરો ત્યાં શમી ગયા હતા. ત્યાંનું જડતત્ત્વ સુધ્ધાં નિકટનો બ્રહ્મસ્પર્શ કરાવતું હતું. અંતર્યામીના સામીપ્યથી સર્વને ત્યાં રોમહર્ષનો અનુભવ થતો.

આ પૃથ્વીઓમાંની નીચામાં નીચીય હતી એક સ્વર્ગ. એનું સૌન્દર્ય ને સુખહાસ્ય દિવ્યતાની ભવ્યતા ધારણ કરતાં. ત્યાં આવી હતી સનાતન ગિરિમાલાઓ—મંદિર પર મંદિરે લઈ જતી સીડી જેવી, એમનાં ઉત્તુંગ ધ્યાનસ્થ શિખરો અકાળ સાગરોનું સ્તોત્રમય સંગીત સુણતાં હોય છે. પર્વતોનાં હૃદયોમાં ગાતાં વિહગવૃન્દો કુસુમસુવાસી શાખાઓ આગળ થઈને પસાર થઈ જતાં હોય છે. મહાસુખની કલકલ્લોલિની સરિતાઓ વહી રહી હોય છે. એમની અભિલષતી દિવ્ય ઊર્મિઓ પરસ્પર આલિંગન આપતી ને એમનો મધુરો મર્મરધ્વનિ શાન્તિ-રસનાં સરોવરોમાં સમાઈ જતો. સ્વરોના સ્રોતોને કિનારે કિનારે સ્વપ્નસેવી શિલ્પિત હોય એવા આત્માઓ વિચારમુદ્રાની સ્થિરતા ધારી આરસની કંડારેલી મૂર્ત્તિઓ માફક બેઠા હતા. આસપાસ હતા પ્રભુનાં બાળકોના આમોદપ્રમોદના અવર્ણનીય આવાસો. કિરણમયી કાયાવાળી ને સર્વસુન્દર વદનથી વહાલી લાગતી પ્રજાઓ આજુબાજુ હલનચલન ને આલાપો કરતી હતી. ત્યાંની નગરીઓ નગરીઓ નહોતી, એ હતી સચેતન શિલાઓમાંથી કાપી કાઢેલાં રત્નોની રઢિયાળી રમ્યતાઓ. અદ્ભુત ત્યાં ગોચરો હતાં ને કાંતિમાન કાંઠાઓ ઉપર સનાતનના જગતની જ્યોતિર્મયી જાતિઓ. ઊર્ધ્વમાં હતા છંદોમય લયે ગોલકોને ઘુમરાવતા દેવતાઓ. પ્રત્યેક ગતિને ત્યાં પોતાનું વિશિષ્ટ સંગીત પ્રાપ્ત થઈ જતું, કદીય ન કરમાતી ડાળીઓ ઉપર પક્ષીઓનાં પુલકિત કરતાં ગાન ચાલતાં હતાં. કલ્પનાના મેઘધનુષ્યના રંગોથી એમની પાંખો પલપલતી હતી. અમર વસન્તનાં અસંખ્યાત પુષ્પબાલકો ફુલ્લ-પ્રફુલ્લ થતાં ને એમની સુગંધથી સમીરલહરીઓ લદાઈ જતી. લીલમના આકાશમાં એ પુષ્પો તારકમંડલોની રંગલીલાને રમણે ચડાવતાં.

દેવોનાં રહસ્યોને સ્ફુરાવતી અમર્ત્ય સૂરતાઓએ સાવિત્રીના શ્રવણોને શ્રુતિઓથી ભરી દીધા. એક સુખસભર આત્મસત્તા સમીરમાં વિહરતી હતી. પર્ણોમાં ને પાષાણમાં એ ધ્યાનલીનતા ધારતી. જીવમાન મૌનની ધારે ધારે ભાવના ભાનવાળાં વાદિત્રોના સ્વરો જાણે ભૂલા પડયા હતા. વસ્તુઓના નીરવ હૃદયમાંથી ઉદ્ભવેલું ગહન ગાન અવિજ્ઞાતને સૂરમાં પ્રકટ કરતું હતું. એક અલૌકિક સંગીત નિગૂઢ હૃદયમાં મહામુદાના ખજાના ભર્યે જતું હતું. દૂર-સુદૂરમાં લય પામી જતા એ સ્વરસંવાદોમાં સાવિત્રી એક અનેરા આત્માની સૂરીલી સફરના ધ્વનિ સાંભળતી હતી. એક મૌલિક દૃષ્ટિ પ્રાપ્ત થતાં પ્રભુ ગમે તે સ્વરૂપે આવે તો પણ

તેને આલિંગનમાં લઈ લેવાને તત્પર એવી એક અદ્દભુત અને અકલંક પ્રકૃતિ સાવિત્રીને દૃષ્ટિગોચર થઈ. પૃથ્વી ઉપરનું જીવન જેને ઝીલવાને સમર્થ નથી એવાં પ્રાણપૂર્ણ પ્રહર્ષણો એના પવિત્ર હૃદયની તંત્રીના તારોએ ઝીલ્યાં. અહીં જે દુ:ખ છે તે ત્યાં દીપ્યમાન આનન્દરૂપે રહેલું દેખાયું. અહીંનાં ઈન્દ્રિયભોગ્ય સુખો ત્યાં અકલ્પ્ય માધુર્યમાં પરિણામ પામ્યાં હતાં. પરમાનન્દ ત્યાં એક સર્વ-સામાન્ય ઘટના હતી. અહીંની મનોહરતા જેનો એક પડી ગયેલો તાંતણો માત્ર છે તે ત્યાં પ્રભુના પટકૂલ પરના કસબી-કામમાં આપમેળે ગૂંથાઈ ગઈ હતી. ત્યાંની વસ્તુઓમાંથી મન એક ગહન પ્રમોદ પ્રાપ્ત કરતું. હૃદય ત્યાં અનન્તતામાંથી પ્રદીપ્ત થઈને આવેલી જ્યોતિ:શિખા જેવું હતું. અંગો ત્યાં ચૈત્યાત્માની સાન્દ્રતાનાં પ્રકંપમાન સ્વરૂપો હતાં.

આ હતા અમરોના આનન્દના બહારના પ્રાંગણના પ્રદેશો, પાર વગરના વિસ્તારવાળા હોવા છતાં નાનામાં નાના. એથી વધારે ઊંચે ઊંચકાયેલી સાવિત્રીની દૃષ્ટિએ ઉદાત્તતર ને અધિકતર સુખસભર જગતોને જોયાં. આખરે એક એવું ઉચ્ચતમ શિખર આવ્યું કે જ્યાં સાન્ત અને અનંત—ઉભય એકરૂપ બની જતાં હતાં. અનસ્ત જ્યોતિના મધ્યવર્તી પ્રદેશો ઉપર અમલ ચલાવતા સમર્થ દેવોનાં ત્યાં સદનો હતાં. સ્વર્ગીય સદારામમાં રહેનારા એ દેવોની દૃષ્ટિ સ્ફટિકશુદ્ધ અગ્નિમાં થઈને સાવિત્રી તરફ વળી.

ત્યાં સામે સૂર્યકાન્ત મણિની ભૂમિકાઓ ઉપર પ્રમોદોની ગૂંથણી કરતું દિવ્ય અપ્સરાઓનું નૃત્ય ચાલી રહ્યું હતું. માધુર્યમાં મગ્ન કરી દેનારી મુદ્રાઓએ એમના સૌન્દર્યનું સ્વરૂપ લીધું હતું. મેઘમાલા મધ્યે સુવર્ણશુભ્ર વીજ જેવી અપ્સરાઓ વિલસતી હતી ને નિષ્કલંક હર્ષોલ્લાસની પવિત્રતા પાથરતી હતી. પવનની લહેરો માફક લહેરાતી અલકાવલીવાળા ગંધર્વો ચમત્કારક ધ્વનિયુક્ત ને અલૌકિક લયમેળવાળા શબ્દોનું સર્જન કરતા વિચારની ગાથાઓ ગાતા હતા. ત્યાંની દીપ્તિઓમાં આપણા મહિમાવંતા પિતૃઓ સંચાર કરતા હતા અને આપણો જેને માટે પ્રયત્ન ચાલી રહેલો છે તે સર્વના ભાવસ્વરૂપનો આનન્દ માણતા હતા. એમની પ્રભાનો ને એમના પ્રભાવનો પાર પામી શકાતો નહોતો. આ ઉપરાંત ત્યાં હતા દ્રષ્ટા ઋષિઓ અને પ્રેરિત કવિઓ, જેઓ મહિમામંડિત શબ્દોને ઝીલતા અને તેમને મંત્રરૂપે પ્રયોજતા. અહીંયાં જેઓ બલવંત છે, ઠોકરો ખાય છે ને પાપાચરણ કરે છે તેઓ ત્યાં ગૌરવવંતા પ્રશાન્ત દેવતાઓ હતા.

સાવિત્રી આકર્ષાઈ, અજ્ઞાત આમોદોથી આકર્ષાઈ. એનો માનુષી સ્વભાવ સ્વર્ગીય સુખોથી મૂર્છામગ્ન જેવો બની ગયો. વાણી અને વિચાર પારની ઊર્ધ્વતાઓએ એ આરોહીને ગઈ. પ્રકૃતિનાં શિખરો પાર પાર વગરની પહોંચવાળાં ભુવનો આવિર્ભાવ પામ્યાં, અવગુંઠનરહિત પ્રેમની અમર આંખો અવલોકાઈ, દિવ્યાતિદિવ્ય યોજનાઓનું આયોજન અવલોકાયું. પ્રાણોચ્છ્વાસમાં ત્યાં દૃષ્ટિસંપન્ન

મનનો પ્રવાહ ચાલતો હતો. રૂપ ત્યાં ચૈત્યાત્માનું પાતળું પરિધાન હતું. સર્વ દ્વારા ત્યાં અંદર આવેલા આત્માનો અનુભવ થતો. પ્રત્યેક ભાવ ત્યાં સનાતનનો શક્તિશાળી શિશુ હતો, પ્રત્યેક વિચાર એક મધુરમૂર્ત્તિ દ્યુતિમાન દેવ હતો. સૂર્ય હતો આત્માની દૃષ્ટિ અને ચંદ્રપ્રભા હતી એક સ્વપ્ન. નિ:શબ્દ શાન્તિની આધાર-ભોમ પર ત્યાંનું બધું જ હતું એક સમર્થ ને સુનિર્મલ હર્ષ.

એ ઊર્ધ્વતાઓમાં સાવિત્રીનો આત્મા વિહંગપાંખે આરોહ્યો. અંતરનો આનન્દભાર શાન્તિમાં ઠાલવીને હળવો કરવા માટે એ ગાતો ગાતો ઊડયો. અગમ્ય ગોલકોના એને અનુભવ થયા. કાળ ત્યાં શાશ્વતતાની સાથે એકાકારતામાં રહ્યો હતો, સીમા વિનાનું મહાસુખ એકરસ આરામ સાથે સંયોગ સાધીને રહ્યું હતું. (આ ચકિત કરી દેતાં ભુવનોની ભુલભુલામણીમાં સાવિત્રી સુભવ્ય જ્યોતિના ને મહામુદાના મહાસાગરમાં જાણે ડૂબી ગઈ. નજર ફેરવીને જોતાં એને ત્યાં એ સર્વની મોહનીની ચાવીરૂપ જે એક હતો તેનાં દર્શન થયાં. આપણાં જીવનોને પોતાની જાળમાં ઝાલી લેનારને સાવિત્રીએ ઓળખી કાઢયો. એણે જ મૃત્યુને સઘળા માર્ગોનો અંત બનાવ્યું છે. માનવી મહેનતની મજૂરીમાં એ દુ:ખ આપે છે.) યમ અને યામિની રૂપે એ જ સાવિત્રીની સમક્ષ ઊભો થયો હતો; પરન્તુ હવે તો એ સાવ બદલાઈ ગયો હતો. આશ્ચર્યચકિત કરી દેતા સ્વરૂપે એણે સાવિત્રીની દૃષ્ટિ ભરી. એ એવો તો મધુર લાગ્યો કે જિન્દગીનાં દારુણમાં દારુણ દુ:ખ એને ખાતર સહેવાં પડે તો જરૂર સહેવા જેવાં છે એવી પ્રતીતિ થઈ.

વસ્તુમાત્રના તરલ હૃદયમાંથી પરમાનન્દનું પ્રકાશ પાંખડિયાળું એક પદ્મ પ્રકટતા પામ્યું. તારાઓ તળેની વેદનાએ વિદાય લઈ લીધી. પ્રકૃતિના છદ્મવેશ પાછળ રહેલું દુરિત દેખાતું બંધ થઈ ગયું. દ્વેષને માટે બહાનું રહ્યું નહિ. પ્રેમની વિરૂપતાઓ વિલોપાઈ ગઈ, બધું જ ગળી જવાની એની ક્રૂર સ્વાર્થી વૃત્તિ શમી ગઈ. મૃત્યુની કાળી મુખપિછોડી ફગાવી દઈ છુપાયેલો પ્રેમનો પ્રભુ પ્રકૃતિ ઉપર પ્રકાશ્યો. મહિમાવંતી દિવ્યતાઓ એકસ્વરૂપગત એનામાં એકત્ર થઈ. એનાં ઉજ્જવલ અંગોમાં દેવતાઓ દેદીપ્યમાન બની ગયા. એનો આત્મા બન્યો સાગર-સમાણો. વિરાટનો એનામાં વાસ હતો. કલા ને કલાકાર એનામાં એક બની ગયાં હતાં. એ પોતે જ હતો આત્મા, દ્રષ્ટા અને મનીષી, એ હતો અપરાજિત આનંદ. મુક્તિ અને મહાસુખ એના સૌન્દર્યમાં નિવાસ કરતાં હતાં. વસ્તુઓ હતી એની અક્ષરમાળા, શક્તિઓ હતી એના શબ્દો, ઘટનાઓ હતી એનું જીવન-ચરિત્ર, સાગર અને સાગરાંબરા હતાં એની કથાનાં પૃષ્ઠો, જડદ્રવ્ય હતું એનું સાધન અને એની અધ્યાત્મ-સંજ્ઞા. રક્તના પ્રવાહમાં એ ચૈત્યાત્માને વહેવડાવતો હતો.

અણુ-પરમાણુઓમાંય એની મૂગી ઇચ્છા કાર્ય કરી રહેલી છે. અર્થરહિત અને હેતુરહિત એક સંકલ્પ ત્યાં કાર્ય કરે છે; વિચારની અને યોજનાની જરૂર

વગરની એક બુદ્ધિ બધે પ્રવર્તી રહી છે, એ છે તેથી જ જગત પરાભવ પામ્યા વિના સ્વરૂપનું સર્જન કરતું રહે છે.

એનું શરીર છે સર્વેશ્વરનું શરીર. એના હૃદયમાં રાજાધિરાજ વિરાટ વિરાજમાન છે. સૂર્ય જેને શેખરે છે એવી બૃહત્તાને પારણે સુવર્ણ-શિશુ ઝૂલી રહેલો છે. એ છે હિરણ્યગર્ભ, વિચારોનો અને સ્વપ્નાંઓનો સર્જનહાર. અદૃશ્યને એ દૃષ્ટિગોચર બનાવે છે, અશ્રાવ્યને એ કર્ણગોચર કરે છે. અવિચારિત સત્યતાઓ એણે શોધી કાઢી છે. એ છે નેતા, એ છે દ્રષ્ટા, એ છે સર્વશકિતમાન વિચારોનો જાદૂગર. અણસર્જાયેલી ને સંતાઈ રહેલી સૃષ્ટિઓ એનું શિલ્પકાર્ય છે. ગૂઢ પ્રજ્વલતા અગ્નિનું એ વાહન છે, એ છે અનિર્વચનીયનો અવાજ અને અદૃશ્ય રહેલો એ પ્રકાશના શિકારે નીકળેલો છે. રહસ્યમયી મહામુદ્રાઓનો એ છે પાંખાળો દેવ. એ છે ચૈત્યાત્માનાં રાજ્યોનો વિજેતા.

એક ત્રીજો ચિદાત્મા પૃષ્ઠભાગે અવસ્થિત હતો. એ હતો સર્વેનો ઉત્સ, પ્રકાશ-પરિબદ્ધ પરા ચેતનાનો પિંડ, પોતાની સર્વજ્ઞ સુષુપ્તિમાં રહી વસ્તુઓનો સર્જનહાર. એ છે આપણું બીજ, હાર્દ, મસ્તક અને આધારભૂત પાયો. એની બંધ આંખોમાંથી આવતો ઝબકારો, એ આપણો પ્રકાશ છે. સર્વપ્રજ્ઞ સત્ય એના હૃદયમાં નિગૂઢ છે. એના નીરવ મૌનમાંથી અમર સત્ય આવે છે. અણુઅણુમાં ને તારકતારકમાં, મનુષ્યમાં, દેવમાં, પશુપક્ષીમાં તેમ જ પથ્થરમાં એ પોઢેલો છે. એ છે તેથી તો અચિત્ પણ પોતાનું કાર્ય અચૂકપણે ચલાવે છે ને જગતને મરણ સાંભરતું નથી. પ્રભુના મહાવર્તુલનું એ કેન્દ્ર છે, પ્રકૃતિની પરિક્રમાનો એ પરિધિ છે. પ્રબુદ્ધ થતાં એ પરમેશ્વર સ્વરૂપે પ્રકટરૂપતા ધારે છે.

ઉપર હતો અનંતનો ધ્યાનનિલીન આનન્દ, સર્વજ્ઞ ને સર્વશકિતમાન શાન્તિ, નિરપેક્ષ અને નિશ્ચલ નીરવતા. સર્વેય શકિતઓ ત્યાં સ્વરમેળના સુરાગમાં સંગ્રથિત થયેલી હતી. વિશ્વવિધાયક આનંદ એનાં અંગોમાં આલીન હતો. પ્રેમ અને પ્રમોદ એ મધુર મૂર્ત્તિનાં ઉત્તમાંગ હતાં. જીવો જેની ઝંખના કરે છે ને પ્રકૃતિની પ્યાલીમાં જે માતું નથી તે સર્વ એના સુવદનની સુંદરતામાં સમગ્રભાવે સમાયેલું હતું, એના મધમીઠા હાસ્યમાં વાટ જોઈ રહ્યું હતું. કાળના જીવનમાં પ્રકટતા પામવાને અસમર્થ સર્વ એનામાં ભભૂકી ઊઠયું હતું. એની આંખોની અગાધતામાં પુષ્પોનો ને નક્ષત્રમાળાનો મર્મરધ્વનિ પોતાનું રહસ્ય પ્રકટાવતો હતો. ઉષાની ગુલાબી માફક એના ઓઠ બોલી રહ્યા હતા. માનસની ચમત્કારિતા સાથે એનું સ્મિત ક્રીડા કરતું હતું અને પ્રભાત-તારકની માફક પ્રકાશતું એ એના હૃદયમાં રહેતું હતું. અનંતતા એની આંખોથી જોતી. યુગોની આભાઓ એનામાં ઊઘડતી ને પળોનો પ્રમોદ પ્રકાશ પામતો. એક આશ્ચર્યકારી કુંજમાં એની પ્રાજ્ઞતાનો પ્રભાકર પેખવામાં આવતો. પરસ્પર વિરોધવાળી વસ્તુઓને એનામાં પોતાની સ્નેહ-સગાઈ સાંપડતી ને સઘળાં જ ત્યાં એક કુટુંબનાં ભાઈભાંડુ બનીને

સહવાસ કરતાં. એકેએક સ્વર્ગીય સૂર ત્યાં આલાપાતો ને રાગોના રઢિયાળા મેળ અસ્તિત્વમાં આવતા. આકાશની અસીમતા, શોકમુક્ત બનેલા મહીમંડળનો ઉત્કટ ભાવ અને વિશ્વવિશાળ સૂર્યનું સાન્નિધ્ય એનામાં અનુભવાતાં. એ પરમોચ્ચ આત્માની ને સાવિત્રીની દૃષ્ટિ એકાકાર બની ને આત્માએ આત્માને ઓળખી લીધો.

પછી તો પૃથ્વીના મર્મભેદી રુદનને પરમ પ્રહર્ષના ઉચ્છ્વાસમાં અને એના પોકારને આત્માના ગાનમાં પલટાવી દેતો એક અદ્ભુત અવાજ હૃદયની ગૂઢ ગુહામાંથી ઊંચે આરોહ્યો :

"ઓ અમર શબ્દની માનુષી મૂર્ત્તિ! પોખરાજની દીવાલો પારની દિવ્યતાનાં દ્વારોએ ઊભેલી દ્યુતિમંતી ભગિનીઓને તેં શી રીતે જોઈ? વિચારથી આવરાયેલાં બારણાં તેં શી રીતે ઉઘાડી નાખ્યાં? કનકની કૂંચીવાળા તારા આત્માને દિવ્યતર અવસ્થાઓમાં પ્રવેશ મેળવવાનું તેં શી રીતે શિખવાડ્યું? માનવની અંધતા જેનાથી વંચિત છે તે રહસ્યમયી દૃષ્ટિ તને પ્રાપ્ત થઈ છે ને તેં કાળના ને મૃત્યુના બોગદા પારના મારા અદૃષ્ટ આનંદનાં દર્શન કર્યાં છે. ઉત્સાહી દેવો મારું અન્વેષણ કરતા રહ્યા છે. હું છું પ્રકટ પ્રકાશનું સૌન્દર્ય. તારાઓની મશાલો નીચે ચાલતા અજય્ય યાત્રીને હું અપાર રાત્રિના ગહન માર્ગો પર થઈ દોરી જઉં છું. હું છું પરમપાવન પરમાનંદ. મારી ઉપર જેમણે મીટ માંડી છે તેમને માટે શોક કરવાનું રહેતું નથી. અંધકારમાં રહેલી આંખોને મારા સ્વરૂપનાં દર્શન થશે.

જગતના જીવનમાં વિયોજાયેલી બે શકિતઓ ધૂસર આકાશ નીચે વહેતી સામુદ્રધુનીને કાંઠે કાંઠે બન્ને બાજુએ પાસે પાસે પગલાં ભરી રહી છે. એક પૃથ્વી ઉપર ઉપરથી લળે છે, બીજી સ્વર્ગો પ્રતિ આરોહવાને ઝંખે છે. પરમસુખમાં રહેતું સ્વર્ગ પૃથ્વીનાં સ્વપ્ન સેવે છે અને પૃથ્વી સેવે છે પૂર્ણતાના સ્વર્ગનાં સ્વપ્ન. અર્થરહિત ખોટા ખ્યાલો બન્નેને એકબીજાથી અળગાં રાખે છે. મારાં વિરાટો પર વર ને વહુની માફક ઢળેલાં એ જાદૂઈ કરામતથી વિખૂટાં પડેલાં છે. બન્નેની વચ્ચે એક તગમગ કરતી છાયામયી તલવાર રહેલી છે; પરંતુ એ જ્યારે ઝબે થઈ જશે ત્યારે એ પ્રેમી યુગલને દિક્-કાલ વિયુક્ત રાખી શકશે નહીં.

સાવિત્રી! એ દિવ્ય નિર્માણની ઘડીની વાટ જો. અત્યારે તો તમે બન્ને દ્વૈતી ભાવના નિયમને અનુસરો. રૂપના ક્ષણભંગુર આગળાઓથી અધીર બની જતાં નહિ. ભેદનેય સુખભર્યા સંયોગમાં એકતાનું સાધન બનાવો. પરંતુ જો તું આ દુ:ખની દુનિયાને એના આક્રન્દની અવહેલના કરી તજી જ દેવા ચાહતી હોય તો આ સામેની સામુદ્રધુનીને કૂદી જા, જગતમાં જહેમત ઉઠાવી રહેલી શકિત સાથેનો તારો કરાર રદ કર, મર્ત્ય હૃદયો ઉપરની તારી અનુકંપાને આઘી ઉશેટી દે, તારા બલિષ્ઠ આત્માએ સર કરેલો અધિકાર અમલમાં લાવ, તારા અલ્પજીવી ઉચ્છ્વાસોનો ભાર ઉતારી નાખ ને ઉછીનો લીધેલો તારો આ દેહ તૃણભૂમિ

ઉપર તજી દે. પછી તું આરોહીને ઉપરના તારા આનન્દધામે જવું હોય તો જા, ને નહિ તો આ સનાતન શિશુની ક્રીડાભૂમિમાં ક્રીડા કર; અથવા તો અમરોનાં રાજમાન રાજ્યોમાં યથેચ્છ વિહાર કર ને ત્યાં તું આ જગતનાં જેમને પડી નથી એવા દેવતાઓની માફક અસ્તરહિત આદિત્યની આભાઓની સહચરી બનીને રહે. તારી પાર્થિવ પ્રાર્થનાની વાત પડતી મૂક. હે અમરાત્મા! આરોહીને આત્યંતિક મહાસુખે સિધાવ."

સાવિત્રી પ્રશાન્ત હૃદયે આ મધુર ને મોહક સૂર સાંભળતી હતી ત્યાં તો કોઈ પ્રતીક્ષા કરી રહેલા પારાવાર અનન્તનો, અવિજ્ઞાત શાશ્વતતાનો પરમાનન્દ નીચે રેલાઈ આવ્યો. સરોવરનાં બે સરોજો સમીપ પ્રભાતના સૂર્યનું પ્રથમ કિરણ રમે તેમ સાવિત્રીનાં સુલોચનોમાં એક સુસ્મિતે ઊર્મિલતા પ્રકટ કરી:

"માનવ જીવને જીવન-મરણના ઘેરામાં ઘેરી લેનારા ઓ હે! મનુષ્ય માટે તું દિનરાતના ને સુખદુ:ખના વારાઓ લાવે છે. સ્વર્ગથી તું એને લલચાવે છે ને નરકથી તું એના ઓજની અગ્નિપરીક્ષા કરે છે: એ બધું ખરું, પણ હું તારા સદાસ્થાયી દિવસમાં રહી પડવા માગતી નથી. તારી ઘોર રાત્રિનો જેમ મેં ત્યાગ કર્યો છે તેમ તારા દીપ્તિમંત દિવસનો પણ ત્યાગ કરું છું. મારો સ્વભાવ માગે છે તે મારું અપર સ્વરૂપ તું મને પાછું આપ. તારાં સ્વર્ગોને પોતાના આનંદ માટે એની સહાયની જરૂર નથી. તારો બનાવેલો એનો સર્વાંગસુન્દર આત્મા પરમસુખની સોનેરી જાળ નીચે પાથરે તે માટી અમારી પૃથ્વીને એની આવશ્યકતા છે. મહિમાવંતા મહાત્માઓએ પોતાની પસંદગી પૃથ્વીને આપી છે. એ છે શૂરવીરોની સમરભૂમિ, મહાશિલ્પીઓની કર્મશાલા. સ્વર્ગની મોટી મોટી મુક્તિઓ કરતાં, હે મહારાજ! પૃથ્વીલોકમાં કરેલી તારી સેવાઓ ગૌરવમાં ચડી જાય છે. એકવાર સ્વર્ગ પણ મારું સ્વભાવસિદ્ધ સદન હતું. મેંય સ્વર્ગનાં સર્વોત્તમ સુખો માણ્યાં છે. પરન્તુ જ્યાં અવિદ્યાના અંધકારમાં દેવો ને દાનવો દિનરાત જંગમાં ઝૂઝી રહ્યા છે, ત્યાં અશક્યની સામે સાહસ કરીને મારો અમર-પ્રેમનો આત્મા મર્ત્યોને આશ્લેષમાં લેવા માટે અહીં નીચે ઊતરી આવ્યો છે. ઉપર અહીં આનંદ તો છે, પણ જે આનન્દમાં અન્યોનોય ભાગ નથી તે આનન્દ અધૂરો છે. પૃથ્વીનું જીવન સર્વેને પ્રેમમાં સમાવી દેવા માટે છે, મૃત્યુ સામે દંગલમાં ઊતરી એની ઉપર વિજય મેળવવા માટે છે, આણનમ ધનુષ્યને ચડાવી તેનો ટંકાર કરવા માટે છે, પ્રભુની તલવારને ઘુમાવી એને વિલસાવવા માટે છે. તેં રણશિંગાં ફૂક્યાં છે, તો હવે તલવારની અજમાયશ માટે અવકાશ આપ, પાનાથી મૂઠને અળગી પાડતો નહિ. સત્યવાન છે તલવારનું પાણીદાર પાનું ને હું સાવિત્રી છું એની રત્નજડિત મૂઠ, ગીતની ઝંકૃતિ આરંભાય તે પહેલાં વીણાને ખંડિત કરતો નહિ. હું જાણું છું કે હું મર્ત્ય માનવનો ઉદ્ધાર કરી એને પ્રભુ પાસે લઈ જવાને સમર્થ છું; હું જાણું છું કે સત્યવાન અમૃતસ્વરૂપ પરમાત્મદેવને પૃથ્વી ઉપર ઉતારી લાવશે. તારી

ઈચ્છાને અમારો સંકલ્પ અધીન રહી અનુસરશે. તારા વગરનું બીજું બધું ખાલી ઉધમાત છે, તોફાન ને તોસ્તાન છે, નકામો શોરબકોર છે; તારા વગરનું દેવોનું દૈવત પણ ફોગટનો ફંદો છે. અચિત્‌ના અગાધમાં માનવ જાતિને ઊતરી પડતી અટકાવ, તારો સૂર્ય અંધકારની ને મૃત્યુની ઘોર શક્તિને સોંપી ન દે. તારો આદિ આદેશ પાર ઉતાર, તારા વિશ્વવિશાળ મહાપ્રેમને સંપૂર્ણ સાર્થકતા સમર્પ."

સાવિત્રીના શબ્દો અવાગ્-ગોચર અચિંત્યમાં ઓસરી ગયા, પણ તે પછી એ અદ્‌ભુતદર્શન દેવાત્માએ મધ્યાહ્નના સૂર્યસમાન સુભવ્ય સ્મિત સાથે ઉચ્ચાર્યું :

"સાવિત્રી! તું જ કહે કે પાર્થિવ પ્રકૃતિ શી રીતે સ્વર્ગીય ભૂમિકાઓએ આરોહશે અને તેમ છતાંય પૃથ્વી તે પૃથ્વી જ રહેશે? સ્વર્ગ અને પૃથ્વી એકબીજા ઉપર મીટ તો માંડે છે, પણ બન્ને વચ્ચે આડો પડયો છે એક મોટો ખાડો અને જવલ્લે જ કોઈ એને ઓળંગી શકે છે, તો પછી પારની વસ્તુને સ્પર્શવાની વાત જ ક્યાં રહી? કોઈ કોઈ વાર સ્વર્લોકનો પ્રકાશ પૃથ્વીલોકના મનની મુલાકાતે આવે છે ને એવું થાય છે ત્યારે એકલ તારા જેવા વિચારો ઝબૂકી ઊઠે છે, પૃથ્વીનું હૃદય સ્વર્ગીયતાને શોધતા ભાવોની પાંખો ફફડાવી જાય છે, પ્રાપ્ત ન કરી શકાય એવા આનંદનાં દર્શન થાય છે, આછી આછી સૂરતાઓ સંભળાય છે, અજ્ઞાત પ્રહર્ષણો રોમહર્ષનો અનુભવ કરાવી જાય છે, અલૌકિક પૂર્ણતાપૂર્ણ જગતોની ઝાંખી થાય છે. એક સ્વયંપર્યાપ્ત સુખશર્મનું ધામ છે. એકસ્વરૂપ પરમાત્માના પળોમાં થતા હૃદયધબકારા અકાળનો અવર્ણનીય લયમેળ પ્રગટ કરે છે. સર્વસત્યમય અકાળ આનંદ ત્યાં છે એવા અણસારા આવે છે, પરંતુ આ પૃથ્વી ઉપર એમાંનું કશુંય પરિણત થતું નથી. દેવો અહીં ખબરે ન પડે એવી રીતે આવીને જતા રહે છે, જાગેલી જ્યોતિ બુઝાઈ જાય છે ને આવેલો મહાશબ્દ શીઘ્ર શમી જાય છે.

બહુ થોડા ચૈત્યાત્માઓ અમર સૂર્યે આરોહે છે. મહાવીરોની ને અર્ધદેવોની સંખ્યા અત્યલ્પ છે. સત્યની શ્રુતિઓ જેમાં સંભળાય એવાં મૌનો ગણ્યાંગાંઠયાં છે. દ્રષ્ટાઓ વિરલ છે ને દિવ્ય દર્શનોની ક્ષણો નહિ જેવી છે. સ્વર્ગલોકોના સાદ કોઈ કોઈ વાર જ આવે છે અને કોઈ કોઈ હૃદય જ એને લક્ષ્યમાં લે છે. પૃથ્વીએ મનુષ્યને પોતાની જોડે ખીલે જડી દીધો છે. ઉદ્ધારની અમોલી ક્ષણે માણસ ઊંચે તો ચડે છે, પણ જોતજોતાંમાં એ પોતાના પુરાણા કાદવમાં સરકી પડે છે ને ત્યાં જ પોતાની સલામતી રહેલી છે એવું માની બેસે છે. હા, માણસની અંદર એવું એક કંઈક છે કે જે ગુમાવેલા મહિમા માટે આક્રન્દ કરી ઊઠે છે, પરંતુ તેમ છતાંય માણસ પોતાના પતનને સ્વીકારતો બની જાય છે.

માણસો પ્રકૃતિની પાર્થિવ યોજના અનુસાર છે તેવી જ અવસ્થામાં રહેવાનું ઉત્તમ માને છે. સૌ પોતપોતાના સ્વભાવ અનુસાર પોતાને માટે કુદરતે નક્કી કરેલા કામની ને ઠામની સાથે સંકળાયેલા રહે છે. એમના અત્યારના જીવનની સમતુલા ક્ષુબ્ધ થતાં એમની અંદરનું બધું ડામાડોળ થઈ જાય છે. માણસો માણસો

મટીને એકાએક દેવ બની જાય તો સૃષ્ટિના ક્રમિક વિકાસમાં મધ્યે એક મોટું ગાબડું પડી જાય ને વચગાળાનાં પગથિયાં લોપ પામી ગયાં હોય તો ઉત્ક્રાન્તિની ગતિ અટકી પડે ને કલ્પોને ધીરે ક્રમે વિકાસ પામતી ચેતનાએ પ્રભુ ને પરમાત્મા સુધી જે પહોંચવાનું છે તેમાં તેની પ્રગતિ બાધિત બની જાય.

જડતત્ત્વમાંથી જાગેલા આત્માએ પ્રૌઢ પરિશ્રમ કરી વાંકાચૂંકા મધ્યમાર્ગ ઉપર થઈ ચમત્કારી ચિદંબરસ્વરૂપની ધારે થઈને અધ્યાત્મમાં પહોંચવાનું છે. આ મારો સંકલ્પ છે ને આને માટે મારો સાદ છે. પરન્તુ અચિત્, તમસ્, મૃત્યુ ને સુષુપ્તિ તરફ તાણતું રહે છે ને સ્નેહાળ છતાં અજ્ઞાન માની માફક આત્મચેતનાને એ પોતાના પાલવને છેડે બાંધી રાખે છે.

મનુષ્ય પોતે ચાવી છે ને એ સચેતનતાનાં દ્વાર ઉઘાડી આપે છે; પરન્તુ એના વિચારોમાં પરિબદ્ધતા રહેલી છે ને એનું હૃદય પરમ જ્યોતિ પ્રત્યે ખુલ્લું રહેવાને બદલે પુરાઈ ગયેલું રહે છે. માણસ અવિજ્ઞાતનું મુખ જોઈ શકતો નથી, સર્વજ્ઞની આંખોથી જોઈ શકતો નથી, સર્વશકિતમાનની શકિત સાથે સહસંકલ્પ કરી શકતો નથી; એનું જ્ઞાન છે અજ્ઞાન. પગથિયે પગથિયે એને ચડવું પડે છે. આ પ્રકારે સર્વ કાંઈ સિદ્ધ તો થશે, પણ તે કાળના અનુક્રમ અનુસાર. તેટલા માટે ઓ અત્યંત ઉત્સુક આર્દ્રહૃદયા ઉષા! અત્યારે તો જેમ ચાલે છે તેમ ભલે ચાલતું રહે. માનવ આત્મા એના ભાગ્યનિર્માણ કરતાં મોટો છે; સ્થળકાળના ઉછાળાઓને પાર કરી, વિશ્વનાં પ્રાકૃત નિયમનોમાંથી મુકત થઈ, સનાતનના આકાશમાં એ અનન્ત શાંતિના ધામનો અધિવાસી બની શકે છે. ઓ જ્વાલામયી! તારા પ્રોજ્જ્વલંત આત્મામાં પાછી પ્રવેશ કર, અથવા તો વિચાર પારની મારી અકાળ ને અનાદ્યનન્ત શકિત સાથે એકરૂપ બની જા. તું છે વિશ્વની માતા, પણ તેમ છતાંય તું છે વિભાવંતી વધૂ. તું જ્યાંથી આવી છે તે પરા શકિતમાં પાછી પ્રવેશ કર, તારા નિત્યાનન્દના સ્વરૂપને પુનઃ પ્રાપ્ત કર. આ તારા મર્ત્ય માળખાને શાશ્વતમાં શીર્ણવિશીર્ણ કરી નાખ. ઓ હે વિદ્યુત્! અદૃશ્ય અર્ચિષમાં અન્તર્લીન થઈ જા. હે મહાસાગર! તારા તરંગને અગાધતાનો આશ્લેષ આપ, ગહરાઈની ભાવભરપૂરતા સાથે તદાકારતા સાધ. આ પ્રકારે તું પ્રિયતમ ને પ્રેયસી—ઉભયને પિછાની લેશે. આડે આવતી ને વિભકત કરતી સીમાઓનો પરિત્યાગ કરી દઈ સાવિત્રીમાં તું સત્યવાનનો સત્કાર કર અને અનન્તરૂપ સત્યવાનમાં સાવિત્રીને આત્મવિલોપન પામવા દે. હે આશ્ચર્યમયી! જ્યાંથી તારો ઉદય થયો છે ત્યાં તું તારા અસ્તનેય પામ."

પણ સાવિત્રી એ દીપ્તિમંત દેવને ઉત્તર આપતાં બોલી :

" તું મને ઐકાન્તિક મહાસુખને માટે નકામો લલચાવી રહ્યો છે. એક દુઃખભરી દુનિયામાંથી માત્ર બે જીવને જ બચાવી લેવાની તું વાત કરે છે. મારો ને સત્યવાનનો આત્મા અવિભાજ્યપણે એક છે—વાગર્થવત્ સંપૃકત છે. એક મહાકાર્યનો આદેશ ઉપાડી લઈને અમે આ જગતમાં આવ્યાં છીએ. સારાયે સંસારને ઉદ્ધારીને અમે

મૃત્યુમુક્ત મહાજ્યોતિમાં લઈ જવા માગીએ છીએ. પ્રભુને પૃથ્વી ઉપર અવતારવા, એવો અમારો અભિલાષ છે. પૃથ્વીલોકના જીવનને પ્રભુમય જીવનમાં પલટાવી નાખવા માટે અમારું આવાગમન થયેલું છે. તારો મનોમોહક સ્વર મને જાળમાં પકડી શકશે નહિ. વધારે સુખસભર સ્વર્ગોને માટે હું પૃથ્વીલોકનું બલિદાન આપવાનું પસંદ કરતી નથી.

સનાતનના વૈશ્વિક વિચારમાંથી સચરાચર સંસાર આરંભાયો છે. તારાઓ ગગનમાં ઘૂમે છે, સૂર્યો પ્રદક્ષિણાઓ કર્યા કરે છે, કાળના જગતમાં જીવનો જન્મ થાય છે ને એનામાં એક ઉદ્દેશ અને એક આશાનું આરોપણ થાય છે. પૃથ્વી સ્વર્ગની જ્યોતિ સામે મીટ માંડે છે ને સ્વર્ગ એને ઉત્તર આપે તો એમનું મિલન એળે ગયેલું નથી, એમ સમજવું. તું સાચો હોય ને હું સાચી હોઉં તો આ જગત પણ સાચું જ છે. પ્રભુએ પૃથ્વીને બનાવી છે તો પૃથ્વીએ પણ પોતાની અંદર પ્રભુને બનાવવાનો છે. તારા બનાવેલા જગતને માટે મારો તારી ઉપર દાવો છે. પણ માનવ જો પોતાની મેળે પોતાની મર્યાદાઓમાંથી મુક્ત ન થઈ શકતો હોય, જો એ હમેશ માટે પોતાની પીડા સાથે બંધાઈ રહેલો જ રહેવાનો હોય, તો માનવમાં એક અતિમાનવનો તું આવિર્ભાવ કર, એને સનાતનનો સખા બનાવ અને પાર્થિવ રૂપોમાં અમૃતના અધિદેવતાને પ્રકટ કર. વિશ્વની વસ્તુઓમાં હું પ્રતિદિન વૃદ્ધિ પામી રહેલા પ્રભુને જોઉં છું. વિશ્વ પોતાની સર્વાતીત સનાતનતા પ્રત્યે આરોહણ કરી રહ્યું છે."

પરન્તુ નારાયણી નારીના હૃદયને દેવદેવે ઉત્તરમાં જણાવ્યું :

"સંમૂર્ત્ત શબ્દની ઓ જીવંત શક્તિ ! આત્માઓએ જેનાં જેનાં સ્વપ્ન સેવ્યાં છે તે સર્વને સર્જવાને તું શક્તિમાન છે. જે શક્તિ વડે મેં ભુવનો બનાવ્યાં છે તે તું છે. તું છે મારી દૃષ્ટિ, તું છે મારો સંકલ્પ અને મારો સ્વર. તારી પાસે જ્ઞાન છે, વિશ્વની યોજનાનું તારામાં વિજ્ઞાન છે અને કાળની ધીરી પ્રક્રિયાથી તું પરિચિત છે. મનુષ્યને ને પૃથ્વીને ઉદ્ધારવા માટેના ભાવાવેશમાં આવી કાળના અંતરાયો પ્રત્યે અધીરતા દાખવતી નહિ. અજ્ઞાન જીવને જ્યોતિ માટેના સાહસ પ્રત્યે અકાળે દોરી જતી નહિ. અનન્તતા એને માટે અત્યારે તો જોખમકારક છે. પણ તેમ છતાંય જો તું કાળની ને પ્રભુની પ્રતીક્ષા કરવાનું ન ઇચ્છતી હોય તો તું તારું કાર્ય કર અને તારો સંકલ્પ પ્રારબ્ધ ઉપર લાદ. લે ત્યારે, તારી ઉપરનો રાત્રિના ભાર ને તે પછીની સંધ્યાકાળની સ્વપ્નમયી સંદિગ્ધતાઓ જેમ મેં તારી આગળથી અળગાં કર્યાં છે તેમ હવે હું મારા દેદીપ્યમાન દિવસનો સંપૂર્ણ ભાર પણ લઈ લઉં છું. આ મારાં પ્રતીકાત્મક રાજ્યોમાં ભાગ્યનું નિર્માણ કરવાવાળી પસંદગીને સ્થાન નથી. આરોહ અને જ્યાં જગત જેવું કશું જ સંભવતું નથી ત્યાં અનન્તમાં પ્રવેશ. એથી નીચી ભૂમિકાઓ ભવ્ય અને ચમત્કારી હોવા છતાંય ત્યાં સનાતનના અમોઘ શબ્દ સાંભળવા મળતો નથી. પૃથ્વીને ને પૃથ્વી ઉપરના માનવને જો તું

પરમાત્માના પરમધામમાં મુકત બનાવવા માગતી હો તો પ્રભુનું, મનુષ્યનું ને જગતનું ગહનતર સત્ય શોધી કાઢ. ઓ હે આત્મા! તું તારા અકાલ સ્વરૂપમાં આરોહીને જા, ભાગ્યનિર્માણની બંકિમ રેખાને પસંદ કર અને કાળ ઉપર તારા સંકલ્પની મુદ્રા માર."

/દેવાત્માના આ શબ્દો શમ્યા ન શમ્યા ત્યાં તો ભુવનોને કંપાયમાન કરી દેતી એક શકિત પ્રાદુર્ભાવ પામી. સ્વર્લોક અધ્યાત્મજ્યોતિમાં અલોપ થઈ ગયો./ સ્થળ-કાળ-શૂન્ય માર્ગો ઉપર લયબદ્ધ બનેલો સનાતન વિચાર સાવિત્રીએ સાંભળ્યો અને એ એક અનિર્વચનીય આલોકમાં પૂર્ણકામતાને પ્રાપ્ત થઈ, અનન્ત સચ્ચિદાનંદની એ એક ત્રિગુણ શકિત બની ગઈ. પ્રભુના અપરંપાર આનન્દ સાથે સૌને સંયોજનારી પવિત્ર એકતામાં એ પરિણામ પામી. એના હૃદયમાં વિશ્વપ્રેમ ભરાયો ને ઊભરાયો. અસંખ્યાત જીવોની એ અદ્ભુત માતા બની ગઈ. એનામાં સમસ્તનું જ્ઞાન જાગ્યું. એની કલ્પનામાં ને સંકલ્પમાં સર્વનો સમાવેશ થઈ ગયો. આદર્શ શબ્દની શ્રુતિ એની બની ગઈ. અજ્ઞેયે આપેલું સર્વ મૌને અજ્ઞેયને પાછું આપી દીધું. રૂપના બંધનમાંથી એની દૃષ્ટિએ મુકિત મેળવી. હજારો દ્વારો દ્વારા એકતાએ એના હૃદયમાં પ્રવેશ કર્યો. એની આસપાસ અસીમ બ્રહ્મસત્તા વ્યાપી ગઈ. એક ઓગળી જતા મોતીની આસપાસની રહસ્યમયી અર્ચિષ અવલોકાઈ. પછી શ્રાવણોએ નહિ સુણેલો શબ્દ ધ્વન્યો:

"ઓ જીવ! વરદાન માગ, પણ તારી વરિષ્ઠ વરણી સિવાયનું. મારા સર્વોચ્ચ સ્વરૂપમાંથી અત્યારે એક અનામી ને નિરાકાર શાન્તિએ તારી ઉપર કૃપાનો દૃષ્ટિપાત કર્યો છે. સુખમયી શાશ્વતતામાં નિઃસીમ નિર્વાણપદ પામ, બુઝાઈ ગયેલી જ્વાલાનું મહાસુખ માણ. મહાસાગરમાં એની છેલ્લી લહરીનો, તારા વિચરતા વિચારોની વિમાસણનો, તારા યાત્રી આત્માની યાત્રાનો અંત આવી જવા દે. હે સંગીત! તારા શ્રાન્ત સૂરોને વિરામ પામી જવા દે; હે સ્રોત! તારા કિનારાઓને તૂટી પડવા દે."

ક્ષણો શાશ્વતીમાં શમી જતી હતી, પણ અજ્ઞાત એવું કોઈક હૃદયમાં ઝંખતું હતું. સાવિત્રીના હૃદયે નીરવ ઉત્તર આપ્યો:

"પૃથ્વી ઉપરના પ્રભાવી માનવ આત્મા માટે, હે પ્રભો! ક્રૂર કાળની ગર્જના ને તર્જના વચ્ચે તારી શાન્તિનું વરદાન આપ, તારા હર્ષનો હાથ ઝાલી આવેલી શાન્તિનું વરદાન આપ."

/ બીજી વાર એ સનાતન દેવનો સાદ સુણાયો:

"મારાં અવર્ણ્ય દ્વાર તારી આગળ આ ઊઘડી ગયાં છે. પૃથ્વીની બંધનગ્રંથિ છેદવા માટે મારો આત્મા આ લળી રહ્યો છે. વિચારાતીત અને લક્ષણાતીત એકતા ઉપરના પ્રેમ માટે, દીવાલો ને વાડા તોડી પાડવા માટે, તારામંડળ તળેના વણાટના વાણાતાણા વેરવિખેર કરી નાખવા માટે ને મહામૌનમાં તારો પ્રવેશ કરાવવા

માટે તારાં આંખો આગળ બારણાં ઊઘડી ગયાં છે, જો."

એક વિશ્વવિધ્વંસક મહાવિરામમાં કોટાનકોટી જીવોએ સાવિત્રીની પ્રત્યે પોતાનો આક્રન્દપૂર્ણ પોકાર પાઠવ્યો ને સ્ત્રીનો દૈવી સ્વભાવ વિચારની નિ:સ્પંદતા-માંથી બોલ્યો:

"આ સમીપમાં આવી રહેલાં અનેકાનેક હૃદયોને, હે પ્રભો! તારી એકતાનો આસ્વાદ આપ, તારાં અસંખ્યેય જીવસ્વરૂપોને મારી અમૃતમધુર અનન્તતા આપ."

અપરંપાર ઓટે આવેલા સાગરની માફક ત્રીજી વાર સાવધાન કરતો અવાજ ઊછળ્યો:

"આ હું મારી પાંખોનો પરમાશ્રય પ્રસારું છું. ભુવનોની ભીમભયંકર ઘૂમરીઓ ઉપર મારી સર્વસમર્થ તેજ:શકિત એની ભવ્ય સમાધિલીનતામાંથી દૃષ્ટિપાત કરી રહી છે." /

/ભૂતમાત્રનો દુ:ખોચ્છ્વાસ એના ઉત્તરમાં ઊઠયો ને ભાવાવેશે ભરાયેલા સાવિત્રીના હૃદયે ઉત્તર આપ્યો:

"પ્રભો! જગતનાં દુ:ખ સહેતાં સ્ત્રીપુરુષોને, જીવમાત્રને ને ભૂતમાત્રને મારા માના હૃદયમાં લઈ લેવાની તારી શકિત મને આપ."

કોઈ એક દેવદૂતની દૂર દૂર બાજતી સિતારીના સૂર જેવો છેલ્લી વારનો સૂર સંભળાયો.

"હૃદયોના ધબકારા જેના તાલમેળમાંથી જન્મ્યા છે અને જે વિશ્વના નૃત્યની મનોમોહક માદકતાથી દૂર-સુદૂરની મહામુદાની નિદ્રામાં નિસ્તબ્ધ પોઢી રહ્યો છે તે મારા પરમાનન્દના પ્રહર્ષણને પ્રકટ કરતી એકાન્તતાની આયત આંખ ઉઘાડું છું."

આરાધનાના સૂરોથી સુરીલું બનેલું એક સ્તોત્રગાન ઊર્ધ્વે આરોહ્યું ને ઝંખનાભરી સાવિત્રી માત્ર આટલું જ બોલી:

"હે પ્રભો! દુ:ખની સજીવ ગ્રંથિને છેદી નાખનારો તારો આશ્લેષ, સઘળા જીવો જેમાં શ્વાસોચ્છ્વાસ લઈ રહ્યા છે તે તારો આનંદ, ગહનતમ પ્રેમનો તારો ચમત્કારી સ્રોત, તારું અમૃતમાધુર્ય આખી પૃથ્વી માટે અને આખી માનવ-જાત માટે મને તું આપ."

ત્યાર બાદ થોડાક મૌન પછી એથીયે અધિક સુખદ સૂર શરૂ થયો. એ હતો અનંતમાંથી ઉદ્ભવતા અદ્ભુત આમોદ જેવો, શોધ અને સ્પર્શ માટેના ભાવા-વેશથી ભર્યો, ગાતાં જગતોને લયમેળ પૂરો પાડનારા પ્રેમમુગ્ધ સુહાસ્ય સમાણો.

"શરીરધારી શબ્દની ઓ સુમધુર માનવમૂર્ત્તિ! તારા વિચારો તે મારા વિચારો છે; તારી વાણીથી હું જ બોલ્યો છું. મારો સંકલ્પ ને તારો સંકલ્પ એક જ છે. તેં જે પસંદ કર્યું છે તે મારી પસંદગીનું જ છે; તેં જે માગ્યું છે તે હું પૃથ્વીને ને પૃથ્વીના માનવોને આપું છું. મારા સંકલ્પનો અમલ કરનારા શાશ્વત કાળને

ચોપડે બધું ભાગ્યલેખમાં લખાશે. તેં કેવળ તારી પોતાની જાતને માટે અનન્ય-સાધારણ મુક્તિની ને મહાનિર્વાણની શાન્તિની ના પાડી છે ને મારી અકાલ ઇચ્છાને અપનાવી લીધી છે, તેથી તારા જાજ્વલ્યમાન આત્મા ઉપર, તારા પ્રેમના ઉદાર હૃદય ઉપર હું મારા આશીર્વાદના હસ્ત સ્થાપું છું. પૃથ્વીના ભાગ્યનિર્માણમાં તેં ભાગ પડાવ્યો છે, દયાર્દ્ર હૃદયે તું લોકો ઉપર ળળી છે, તેથી મારા પ્રભાવપૂર્ણ પ્રૌઢ કાર્યની ઝૂંસરી તારે ખભે મૂકું છું. તારા દ્વારા હું મારાં અલૌકિક કાર્યો કરીશ. હું તારું બળ બનીશ. મારી શક્તિ તારામાં પ્રવર્તશે. તારામાં હું મારું સર્વોત્તમ સ્ફાટિક-સદન સર્જીશ. તારા દિવસો મારી દૈવતવંતી દ્યુતિનાં બાણ બની જશે, તારી રાત્રિઓ મારી તારકમયી રહસ્યમયતાનો હર્ષ બની જશે. તારી અલકાવલિમાં મારી બધી વાદળીઓ અટવાયેલી રહેશે ને મારી સઘળી વસંતો તારા મુખ સાથે મિલાપ સાધશે. ઓ હે સૂર્ય-શબ્દ! તું પૃથ્વીના આત્માને અમર જ્યોતિએ ઊંચે પહોંચાડશે ને મનુષ્યોનાં જીવનોમાં પરમેશ્વરને નીચે ઉતારી આણશે. પૃથ્વી, મારો નિવાસ બનશે, પૃથ્વી મારી કર્મશાલા બનશે, પૃથ્વીનું જીવન મારાં દિવ્યતાનાં બીજ બોવા માટેનો બાગ બની જશે, અને માનવ સમયમાં જ્યારે તારું સર્વ કાર્ય પૂરું થઈ જશે ત્યારે પૃથ્વીનું મન પ્રકાશનો પ્રાસાદ બની જશે, પૃથ્વીનું જીવન સ્વર્ગો પ્રત્યે ઊગીને ઊંચે વધતું વૃક્ષ બની જશે ને પૃથ્વીનો પિંડ પ્રભુનું મંગલ મંદિર બની જશે. સનાતનની જ્યોતિ માનવને અજવાળશે, માનવ વિચાર સૂર્યગામી બની જશે, માનવ હૃદય મારા પોતાના માધુર્યનું ધામ બની જશે, મારી શક્તિથી ચમત્કારી રીતે સર્વનું સંચાલન થશે. મારો સંકલ્પ મનુષ્યજીવનનો ઉદ્દેશ બની જશે. મારે માટે, મારા વડે ને મારામાં મનુષ્યો જીવશે. સૃષ્ટિના રહસ્યમય હૃદયમાં તારી ને મારી લંબાતી જતી અદ્ભુત કથા આલેખાશે. મારી ભાગવત કામનાની ને તારી વચ્ચે એકેય રૂપ અંતરાય નાખી શકશે નહિ. પ્રકૃતિ ને પ્રભુ સાથે એકરૂપ બનેલા તારા આત્મામાં મને મારું વિશ્વ પ્રાપ્ત થશે અને તારામાં વિશ્વને મારા સ્વરૂપસર્વસ્વનો અલૌકિક લાભ થશે./સર્વેને તું મારા મહિમાથી ને મહામુદાથી ભરી દેશે. તારી એકેએક શિરા મને પ્રત્યુત્તર આપતી બની જશે. પરિભ્રમણ કરતા ગગનગોલકોમાં તું મને પિછાની લેશે. પરમાણુઓની ધૂમરીઓમાં તું મને જ ધૂમરાતો જોશે. સચરાચરની સર્વેય શક્તિઓ તને મારા નામથી પોકારશે./મારો સુધાકર તારી ઉપર સુધાસ્રાવ કરશે. મારી સુવાસ તને જાઈજૂઈના જાલકમાં ઝાલી લેશે. સૂર્યમાંથી મારી આંખ તને અવલોકશે. મારું સર્વ તારામાં પ્રતિબિંબિત થશે. પ્રિય-અપ્રિય, અનુકૂળ—પ્રતિકૂળ—સઘળી પરિસ્થિતિઓમાં મારા સૂરની સિતારી તને સંભળાશે, મારા પ્રેમના સાગરના ફેનાયિત તરંગો જ તું સર્વત્ર ઊછળતા જોશે. દુ:ખના દોહ્યલા અનુભવમાંય તને મારું હસતું મુખ છુપાયેલું દેખાશે, સકલ જીવો તને મારા દૂતો બનેલા દેખાશે. કોઈ પણ સહોદર આત્માથી તું સંકોચ પામશે નહિ. સર્વેની પ્રત્યે અસહાય

ભાવે તું આકર્ષશે./ તું છે તેથી તારા પ્રેમથી પ્રેરાઈ માનવ હૃદયો મારા સાદને ઉત્તર આપતાં બની જશે. તારા સંગીતમાં તેમને વિશ્વોના સંગીતનો પરિચય થશે. તારા આત્મામાં રહી તેઓ મારાં અંગોને આશ્લેષ આપશે. તારા જીવનમાં મારા હાસ્યનું સૌન્દર્ય સંવેદાશે ને જે આનંદમાંથી મેં વિશ્વોનું સર્જન કર્યું છે તેનો રોમહર્ષ તારા દ્વારા સર્વનો બની જશે. જગતને મારું સર્વસ્વ સમર્પવાને માટે હું તને મારું મનોહર સાધન બનાવીશ. આનંદરસ રેડવા માટેનો તું છે મારો સુવર્ણ-કળશ. હું તને મારો રથ બનાવી એમાં આરોહી સર્વત્ર ઘૂમીશ. તને મારી તરવાર બનાવી હું એને વાપરીશ. તને મારી વીણા બનાવી હું વગાડીશ./

/મારી ખોજમાં નીકળી જે કોઈ મને પકડી લે છે તે મારો બંદિ બની જાય છે. ઓ સર્વાંગસુન્દરી પ્રભુની દાસી! સદૈવ સપ્રશ્રય પ્રેમનું સેવન કર. વિશ્વ-પ્રેમનો તું મારો વિશાળ પાશ બની જા. સૃષ્ટિની સુમધુર એકાત્મકતાના આનન્દ પ્રતિ પકડી પકડીને સર્વેને લઈ જા. કોટાનકોટી આલિંગન પ્રત્યે સૌને બલાત્કારેય પ્રેર. ઓ મન! શાશ્વતી શાન્તિથી ભરપૂર ભરાઈ જા. હે શબ્દ! અમર સ્તોત્રગાન આલાપ. સુવર્ણ જ્યોતિની અટ્ટાલિકા ઊભી થઈ છે, જ્વાલાના બાલકનો જન્મ થયો છે. /

/ જા, તારા સત્યવાનને લઈને જીવનના જગતમાં ઊતર. ઓ સત્યવાન! ઓ જ્યોતિર્મયી સાવિત્રી! પુરાણ કાળથી મેં જ તમને બન્નેને તારામંડળ તળેના અજ્ઞાનના જગતમાં મોકલ્યાં છે. ઉભય તમે પ્રભુની યુગલશક્તિસ્વરૂપ છો. જાઓ, અવિદ્યાના જગતમાં પ્રભુનાં પગલાંને ઉતારો, પાર્થિવ જીવોને ઉદ્ધારીને અમૃતત્વે લઈ જાઓ. સીમાબદ્ધ સંસારમાં ઊતરી પૃથ્વીલોકના ભાગ્યનિર્માણને ઊર્ધ્વે આરોહણ કરાવનારી જે શક્તિ છે તે શક્તિ છે તું. સત્યવાન છે મારો આત્મા, જે અવિદ્યાના અંધકારમાંથી અકાળ જ્યોતિએ આરોહે છે./ જે મહિમા પાછળ મૂકીને એ આવ્યો છે, જે સૌન્દર્ય અને સ્વર્ગીય સુખમાંથી એ નીચે પડયો છે, જે દિવ્ય વસ્તુઓના માધુર્યથી એ વિયુક્ત થયો છે, જે અજરામર જ્યોતિ અને જીવનમાંથી એ અવતર્યો છે, જે અનિર્વચનીય મહામુદાનો આસ્વાદ એણે તજ્યો છે, જે અમૃતનો ને અનંતતાનો સ્પર્શ એણે ગુમાવ્યો છે ત્યાં એ આરોહણ કરીને અહીંથી પાછો જાય છે. ક્રમવિકાસની સરણીએ એ પશુની અંધતામાંથી મનુષ્યના વિભાવંતા વિચાર સુધી વિકાસ પામતો પામતો પહોંચ્યો છે ને પરમ સત્યના સામીપ્યમાં જવા ફાંફાં મારી રહ્યો છે. સત્યવાન છે પ્રભુ પ્રત્યે આરોહતો જતો માનવ આત્મા, એ છે માનવ જીવનમાં વર્ધમાન અમર દેવ, ને સાવિત્રી! તું છે મારા આત્માની ઓજઃશક્તિ, મારા અમર શબ્દનો આવિર્ભાવક સ્વર, કાળના માર્ગો ઉપર દર્શન દેતું સત્યનું સુમુખ. માનવ જીવોને તું પ્રભુનો પંથ બતલાવશે. /

જડતત્ત્વની નિદ્રા ઉપર આછું આછું અધ્યાત્મ કિરણ પડે છે, મન અર્ધ-

પ્રકાશ ને અર્ધ-સત્યમાં ફરતું રહે છે અને શરીરના અનિશ્ચિત દિવસો ગણાતા જાય છે, ત્યાં તમે જન્મશો ને બાહ્ય રૂપ પાછળ તમારી દિવ્યતા છુપાયેલી રહેશે, છતાંય તમે મહિમાના સૂર્યને વાદળદળમાંથી પ્રકટ થતો બતલાવશો અને મનુષ્યોનાં જીવનોને મારા અનામી ઓજઃપ્રભાવથી ભરશો. મનુષ્યો શિવ-શિખરો પર નજર માંડતા બનશે, પ્રભુના વાતાવરણથી વીંટળાશે, પ્રભુના અચલ પાયા ઉપર સ્થિર ઠરશે. બીજના ચંદ્રની માફક પ્રભુનો પ્રકાશ પ્રભુની દિશામાં દોરશે.

પરંતુ પ્રભુની પરાત્પરતામાં બીજું ઘણું ઘણું છુપાઈ રહેલું છે અને એક દિવસ એ પોતાનું પોત પ્રકટ કરશે/પણ અત્યારે તો મન ને મનનો સંદિગ્ધ પ્રકાશ જ સર્વ કાંઈ છે. મન છે દેહ ને પ્રાણનો નેતા, વિચારથી એ ચૈત્યાત્માના રથને ચલાવે છે. આત્માની અભીપ્સાને એ સંપૂર્ણ સત્ય અને સંપૂર્ણ પરમાનંદ પ્રત્યે અવિદ્યાના અંધકારમાં થઈને લઈ જાય છે. પરંતુ મનથી જ બધું સમાપ્ત થઈ જતું નથી. ભુવનોના શિખર પર એક મહાવૈશ્વાનર છે, સનાતન જ્યોતિનું ધામ છે, સીમારહિત સત્ય છે, કેવલા એક એવી શક્તિ છે. બ્રહ્મનું સામર્થ્ય જ્યારે પોતાના મો'રાને ફગાવી દેશે ત્યારે એનો મૂળ મહિમા ભુવનોને ગતિમાન કરતો અનુભવાશે. અચિત્ રાત્રિમાંથી એ એક તારાની માફક ઉદય પામશે, પરા પ્રકૃતિને શિખરે એ સૂર્ય-સ્વરૂપે આરોહશે./પ્રભુના પ્રભાવશાળી દ્યુતિમંત દિવસમાં સાહસ કરનારાઓ થોડાક અદ્‌ભુત આદિ મૂળની ઝાંખી કરશે, એની શક્તિ સંવેદશે, અનામી માર્ગે પગલાં માંડવા માટે વળશે. મનની મર્યાદાઓમાંથી ઉપર નીકળી જઈ તેઓ જગતની જબરજસ્ત યોજનાનું સત્ય શોધી કાઢશે, પરમોચ્ચ સત્યમાં, યાથાતથ્યમાં અને બ્રહ્મની બૃહત્તામાં પ્રવેશશે.

/ તમારે મોટું કામ કરવાનું છે. અત્યાર સુધી અપ્રકટ રહેલી અનંતતાઓ તમારે પ્રકાશમાં આણવાની છે; વિશ્વસર્જક આદિ આનંદ, સર્વેશ્વરની સર્વ-શક્તિમત્તાનો આવેગ અને સર્વજ્ઞાનનું રહસ્યમાં રહેલું રશ્મિ તમારે પ્રકાશિત કરવાનું છે. તમારાં માનવ જીવનોએ તૈયાર કરેલાં રૂપોમાં મહૌજા મહામાતા કાળમાં જન્મ લેશે. માનવની માટીમાં પ્રભુનો અવતાર થશે. આ પછી જ પરમ સત્ય મનુષ્યોને આપવામાં આવશે.

મનોમય પુરુષની પહોંચ પાર એક સત્સ્વરૂપ છે ને એ બહુ રૂપોમાં ઢળાયેલું હોવા છતાંય આશ્ચર્યમય કેવળ એક છે. વાણી કે વિચાર એને સ્પર્શી કે વર્ણવી શકતાં નથી, તેમ છતાંય જે કંઈ વાણીવિચારગમ્ય છે તે સર્વનું એ છે મૂળ, પ્રભુતાની વૃષ્ટિ કરનાર અનંતતાનું વ્યોમ. અપરિમેય એવું એ આત્માને બૃહત્તામાં વિસ્તાર પામવા માટે સાદ કરે છે. આપણા સંકુચિત ક્ષેત્રમાં આપણા જે ઉચ્ચ પ્રયાસો થાય છે તેમને ન્યાય્ય બનાવનાર એ છે વિશાળું લક્ષ્ય ને જે થોડાક મહાનંદોનો માણસ આસ્વાદ મેળવી શકે છે તેમને વહી લાવનારી નહેર ત્યાંથી નીકળે છે.

કેટલાક જણ એ પરમ મહિમાનાં ઝીલનહાર પાત્રો બનશે, સનાતનની

જ્યોતિર્મયી શકિતનાં વાહનો બનશે, ઊર્ધ્વની જાતિનાં પ્રથમ-જન્મ્યાં બાળકો બનશે, અગ્રેસરો બનશે, કાળના શિરોમણિઓ ને મહાન ઉદ્ધારકો બનશે. દ્વયમયી શકિત પ્રભુનાં દ્વાર ઉઘાડશે, અતિમનસ આ લોકના જીવનને સ્પર્શશે, અતિ-માનવને માનવમાં આવિર્ભાવ પમાડશે, છૂપા અર્ધ-દેવને પ્રકટાવશે, યા તો પ્રભુની પરમ જ્યોતિમાં ને પ્રભુની શિવશકિતમાં વિકસાવશે, ગુહાનિહિત ગુપ્ત દેવતા દર્શન દેશે. પરાત્પર પ્રભુ મનને ને હૃદયને ઉજ્જવલ બનાવશે, અવર્ણનીય રહસ્ય-મયતા દૈવી વર્ણમાલામાં આલેખાશે./ પછી તો દુ:ખનો ને મૃત્યુનો હુકમ ચાલતો બંધ પડી જશે, અજ્ઞાન ભૂંસાઈ જશે, આત્મા અમૃતત્વ માટે ઉદ્યત થશે, પ્રકૃતિ આદ્ય આનંદને પુન: પ્રાપ્ત કરશે. અંતર્યામી પરમાત્મા સનાતન સત્ય નિયમનું સામ્રાજ્ય સ્થાપશે. કાળસાગરને કાંઠે એના મંગલ મંદિરમાં એ પ્રતિષ્ઠા પામશે.

આવું થશે ત્યારે મનુષ્ય અવિનાશીનો આવિર્ભાવ બની જઈ પ્રભુના દૈવી ગુણોનું ધામ બની જશે. પછી તો એનો નિવાસ અભેદ એકતાના ચૈતન્યમાં થઈ જશે. વિજ્ઞાન એના સ્વભાવનો ઉત્સ બની જશે. સનાતન સત્ય એના વિચારોને ને કર્મોને આકાર આપશે; એ જ એનો પ્રકાશ ને પથદર્શક બની જશે. એક સમર્થતર જાતિ મર્ત્યોના જગતની નિવાસિની બની જશે વિજ્ઞાનમય પુરુષ જીવનનો સમ્રાટ બની જશે. સ્વર્ગ અને પૃથ્વી લગભગ સમોવડિયાં બની જશે. માનવમાં હશે તે બધું જ પ્રભુ પ્રતિ પ્રેરાશે ને દોરાશે. અજ્ઞાનમાં રહેલું હૃદય અમૃત પ્રત્યે ઉદ્ધારાશે મુકત થયેલી શકિત મૃત્યુની પહોંચ પારની ઊંચાઈઓએ સંચાલિત થશે. જ્યોતિ આધારભોમના અંધકાર ઉપર આક્રમણ કરશે. દિવ્ય સંવાદિતા, સુન્દરતા અને મહાસુખ જીવનનાં અંગ બની જશે. શરીર સુધ્ધાં પ્રભુના સ્મરણમાં રત રહેશે. પ્રકૃતિ મર્ત્યતામાંથી નિવૃત્ત થશે. આત્માનો અગ્નિ અંધ ઓજસને ઘેરો ઘાલશે, વિચારમાં જ્ઞાન આવશે, પરમ સત્યની ને પ્રભુની સમીપતા સધાશે./અતિમનસ વિજ્ઞાન જગતને જ્યોતિર્મય બનાવશે, પ્રભુપ્રેમથી હૃદયને પુલકિત કરશે, પ્રકૃતિને માથે પ્રભાનો મુકુટ પહેરાવશે, નિશ્ચલ પાયે પરમ પ્રકાશનું રાજ્ય રમતું મૂકશે. આમ આખી પૃથ્વી પરબ્રહ્મનું પ્રકટ ધામ બની જશે. એક અચૂક હસ્ત ઘટનાઓને ઘડશે, પ્રકૃતિની દૃષ્ટિમાં પરમાત્માની દૃષ્ટિ જોતી બનશે, પ્રકૃતિની શકિતને સ્થાને પરમપુરુષની શકિત કાર્ય કરશે./ પૃથ્વી ઉપર પ્રભુ પડાવ નાંખશે ને કુદરતનો ક્રમ ઊલટસૂલટ બની જશે ને અત્યારે જે ગૂઢ-નિગૂઢ છે તે પ્રકટરૂપતા પામશે. કદાચ કોઈ વિરોધે પડેલું બલ આનાકાની કરશે, અથવા તો મનુષ્ય પોતે જ પોતાના અધ્યાત્મ-ભાવિનો ઈનકાર કરશે તો પણ વસ્તુમાત્રમાં વાસ પામેલું સત્ય વિજયી બની જશે. આ પૂર્વનિર્મિત લક્ષ્યની દિશામાં સઘળું વળી ગયેલું છે. પરમાત્મ-દેવના સંકલ્પની સિદ્ધિનો સમય અવશ્ય આવશે; મૃત્યુનું મૃત્યુ થશે અને અજ્ઞાનનો અંત આવશે.

પરંતુ સર્વપ્રથમ સર્વોચ્ચ સત્યે પૃથ્વી ઉપર પાય માંડવાના છે અને મનુષ્યે

સનાતનની સત્યજ્યોતિ માટે અભીપ્સા રાખતા બનવાનું છે; એનાં અંગેઅંગ બ્રહ્મસ્પર્શ સંવેદે અને એનું આખુંયે જીવન અંતરતર શકિતને અધીન બની જાય તે જોવાનું છે. આ પણ થશે. પરમાત્મસત્ય ને પરા પ્રકૃતિની શકિત આવશે ને એ આ પૃથ્વીની અધિવાસી બની જશે. માથાથી પગ સુધી એ વ્યાપી જશે ને અતિમાનવ પ્રકૃતિનો પ્રભુ બની જઈ જડદ્રવ્યની સૃષ્ટિને સ્વરૂપ-પલટો આપશે. મનુષ્ય પરમાત્માના સાદને પ્રત્યુત્તર આપવા માંડશે, સત્યનો નિયમ પૃથ્વી ઉપર પ્રવર્તાવશે તથા પરમાનંદ માટે પરમાભિલાપ રાખશે./ મૂક પૃથ્વી પણ સચેતન શકિત બની જશે તથા ઊર્ધ્વનો આત્મા અને તળેનું જડ દ્રવ્ય એકાકાર બની જશે ને તેની દૃષ્ટિ દ્વારા આત્મા જ જોતો બની જશે: જડદ્રવ્યમાંય પરમાત્મદેવનું મુખ પ્રકટ થશે. સત્ય જીવનના અધિનાયકપદે વિરાજશે ને વધારે ને વધારે મોટી સંખ્યામાં જગજ્જનો પરમ પ્રકાશમાં પ્રવેશવા માંડશે. પ્રકૃતિ એક અદ્‌ભુતપ્રભાવશાળી સાન્નિધ્યથી ભરી-ભરી બની જશે અને અંદર અદૃશ્ય રહેલા પ્રભુનો પ્રાદુર્ભાવ કરવા માટે જ એ જીવશે. માનવ જીવનની લીલા લીલાધર પ્રભુ પોતાના હાથમાં લઈ લેશે અને પૃથ્વી ઉપરનું જીવન પ્રભુમય બની જશે."

એ સૂક્ષ્મ સંગીતના સંવાદી સ્વરો બંધ પડયા ન પડયા ત્યાં તો સાવિત્રીનો આત્મા અદૃશ્ય ભુવનોમાં ને અગાધ અવકાશોમાં થઈને ખરતા તારાની માફક નીચે ઊતરવા લાગ્યો. એની આસપાસ અપાર્થિવ વીણાઓ હસતું સંગીત સંભળાવી રહી હતી, અનામી અવાજોનો અનેકગુણ જયજયકાર એની આસપાસ સંભળાતો હતો. વૃન્દસંગીત સાથે પ્રસન્ન પવનો એને મળવાને આવ્યા. અનંતતાનો ભાર સાવિત્રીએ ધારણ કર્યો હતો ને સ્વર્ગીય અવકાશોનાં આંદોલનોનો એને અનુભવ થતો હતો. એના અવતરણને અનુસરીને આવતું કોઈ યુવકનું હોય એવું એક મુખ દેખાતું હતું. યુવકના મુખ પર પારાવાર માધુર્ય મલકતું હતું. આંખોએ અવલોક્યું ન હોય એવા એક સઘન સૌન્દર્યનું એ પ્રતીક હતું. એના શિર પર શોભતા મોરપિચ્છના ભભકતા રંગો—એક નીલમની આસપાસ ચોકઠાકારે ચમકતા હતા. હૃદયને વિહ્વલ બનાવી દેતું એનું સ્મિત તૃપ્તિ ન પામતા આનંદ પ્રત્યે આકર્ષતું હતું, અને આત્માને રસાલિંગન માટે તલસાવતું હતું. પછી તો એ જ રૂપ બદલાઈને એક શ્યામસુંદર શ્યામાનું બની ગયું. અહો! શો એનો છાયાચ્છન્ન મહિમા અને ઝંઝાવાતોથી ઝબકાવતાં ઊંડાણ! દુર્દાન્ત સંકલ્પ ને ભીમભયંકર પ્રેમ! પૃથ્વીના નૃત્યની ઘૂમરીઓમાં એનો આદેશ પ્રવર્તતો હતો. બ્રહ્માત્માની ભાવોત્કટતામાંથી પ્રકટેલું મુદામગ્ન અંધ જીવન એની આંખો-મહીંથી ઉદ્‌ભવ્યું હતું. નીચાં ઊંડાણની ડૂબકીમાં મહાવેગથી ઊતરી રહેલી સાવિત્રીએ સત્યવાનના આત્માને છાતીસરસો ગાઢ ચાંપી રાખ્યો હતો—કોઈ બાળક પોતાના પ્યારા રમકડાને રાખે તેમ; વસંતલક્ષ્મીને હૃદયે લપાવી રાખેલા ફૂલના જેવો એ મનોમોહક લાગતો હતો.

અદૃશ્ય સ્વર્ગોને માર્ગમાં વટાવતી વટાવતી સાવિત્રી ચક્કર ચડાવે એવા આ ઝંપાપાતમાં નિલીન થઈ ગઈ હતી. દેવોના નન્દનના તરુવરનું એક પડતું પાંદડું ફેરફૂદડીઓ ફરતું ફરતું નીચેના કો જલાશયમાં જવા ઊતરે તેમ સાવિત્રીય ચિદંબરી ચેતનાઓમાંથી ઊતરી. નીચેની ચમત્કારતાએ એનો આદરસત્કાર કર્યો, પૃથ્વી માતાના હૃદયમાં જાણે એ દટાઈ ગઈ.

પછી અકાળમાંથી કાળની ભોમ પર ચોકી પહેરો રાખતા એક આત્મ-સ્વરૂપે ભાગ્યનિર્માણ ઉપર દૃષ્ટિપાત કર્યો અને અંત વગરની યુગમાલાને પસાર થતી જોઈ. હજુ તો દેવોના મૌનમાં બધું રહેલું હતું. ભવિષ્ય ભાખતી ક્ષણ અસીમ અવકાશમાં વ્યાપેલી હતી. એણે હવે કાળના ત્વરમાણ હૃદય પર સનાતનની શાન્તિનો હીરક-પ્રકાશ, પ્રભુના પરમસુખનું કસુંબલબીજ નાખ્યું; અમર પ્રેમના આલોકે અવલોકવા માંડ્યું; એક અદ્‌ભુત વદન અમૃતનાં નયનોથી નિહાળવા લાગ્યું. અવિનશ્વર રહસ્યોની રક્ષા કરતો એક હસ્ત સોનેરી સળિયાઓને હઠાવતો દેખાયો. કાળના અકળકળ તાળામાં એક કૂંચી ફરી. દેવોના મૌનને માર્ગે માર્ગે એક મહત્તર સ્વરસંવાદિતા જન્મી અને એણે ઝંખનભર્યાં હૃદયોમાં અણચિંતવ્યો આનંદ આણ્યો અને માધુર્ય ભરી દીધું. એક મલકતી મુદ્રાએ, હાસ્યે અને આહ્‌વાને ઓચિંતાનો છાપો માર્યો. એક અનેરી શક્તિ લળીને નીચે આવી, એક મહાસુખે નિજધામ મેળવ્યું. વિશાળી વસુંધરા પર અનંત આનંદમયતાએ પોતાની હૂંફાળી પાંખો પાથરી.

અગિયારમું પર્વ સમાપ્ત